અપીલ અરજી નં.૧૫૯/ ૦૮–૦૯ તા.૮–૯–૦૮

અરજદારઃ શ્રી હેમંત એન.દેસાઈ
સામાવાળાઃ જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોન

**હુકમઃ–**

**વિષય :–**આરટીઆઈ એકટ હેઠળ શ્રી હેમંત એન.દેસાઈની તા.૨૪–૭–૦૮ ની અરજીથી તા.૨૧/૪/૦૮,૮/૫/૦૮,૨૬/૬/૦૮ ની વિગતવાર કરવામાં આવેલ અરજી બાબતે આરોગ્ય વિભાગના અધિકારી એ શું શું તપાસ કરી અને શું શું રીપોર્ટ બનાવ્યો તે બાબતની તપાસ નકલ ફાળવવી તેમજ અમારી અરજી બાબતે વોર્ડ–૪એ ના આરોગ્ય વિભાગે શુ રીપોર્ટ બનાવ્યો તે બાબતની નકલ ફાળવવી તેમજ માહિતી આપવી તેમજ વોર્ડ–૪એ આરોગ્ય વિભાગે ગ્રુપ સફાઈ બપોર પછી કઈ કઈ ગલીમાં સફાઈ કરી તે માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૮–૯–'૦૮ ની અપીલ અરજી નં.૧૫૯/૨૦૦૮–૦૯

શ્રી હેમંત એન.દેસાઈની તા.૨૪–૭–૦૮ ની અરજીથી તા.૨૧/૪/૦૮,૮/૫/૦૮,૨૬/૬/૦૮ ની વિગતવાર કરવામાં આવેલ અરજી બાબતે આરોગ્ય વિભાગના અધિકારી એ શું શું તપાસ કરી અને શું શું રીપોર્ટ બનાવ્યો તે બાબતની તપાસ નકલ ફાળવવી તેમજ અમારી અરજી બાબતે વોર્ડ–૪એ ના આરોગ્ય વિભાગે શુ રીપોર્ટ બનાવ્યો તે બાબતની નકલ ફાળવવી તેમજ માહિતી આપવી તેમજ વોર્ડ–૪એ આરોગ્ય વિભાગે ગ્રુપ સફાઈ બપોર પછી કઈ કઈ ગલીમાં સફાઈ કરી તે માહિતી આપવા બાબતે આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનના પત્ર નં.સેઝોન/આ.૫૫૦ તા.૧૧–૮–૦૮ થી આપેલ માહિતી ખોટી આપવામાં આવી છે તેવુ જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૮–૯–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત તથા અરજદારે અરજીમાં નિર્દિષ્ટ તા.૨૧/૪/૦૮,૮/૫/૦૮,૨૬/૬/૦૮ ની અરજીઓની નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૫૩૨ તા.૧૨–૯–૦૮ થી આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના સંદર્ભે તેઓ તરફથી સે.ઝોન/આરટીઆઈ/૭૨૬ તા.૧૯–૯–૦૮ થી અત્રેના વિભાગને માહિતી મળેલ છે.

અરજદારે તા. ૨૪–૭–૦૮ ની અરજીમાં તા.૨૧–૪–૦૮ , ૮–૫–૦૮ અને ૨૬–૬–૦૮ વોર્ડ નં.૪ એ માં ગ્રુપ સફાઈ કાર્યવાહીને લગતી અરજીઓ કરેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી જણાવ્યા અનુસાર તે દિવસે ના.આ.અધિકારી અને મુ.આ. નિરીક્ષકની વીઝીટ કરવામાં આવે છે અને જે દિવસે કામદારોની હાજરી વધારે હોય ત્યારે સમુહ હાજરી ગોઠવણ કરવા જણાવેલ છે જેનો કોઈ રીપોર્ટ બનાવવામાં આવેલ નથી. સદર વોર્ડમાં ગ્રુપ સફાઈની માહિતી પણ જાહેર માહિતીઅધિકારી તરફથી કુલ ૪૨ નકલના રૂા.૮૪ ફી ભરી મેળવી લેવા સમય મર્યાદામાં જણાવેલ છે. અરજદારે તે માહિતી મેળવવાનું અપીલ અરજીમાં કઈ ઉલ્લેખ કરેલ જણાતો નથી.

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૨૪–૭–૦૮ની અરજીથી માંગ્યા મુજબની માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પૂરી પાડવામાં આવેલ છે અને ગ્રુપ સફાઈ રીપોર્ટની નકલ મેળવવા માંગતા હોય તો નિયત ફી ભરી પૂરી પાડવાની તૈયારી પણ દર્શાવેલ છે જેથી અપીલ અરજી અંગે કોઈ હુકમ કરવાનો રહેતો નથી.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૧૦ –૦૮.

ડે.**કમિશ્નર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ**
(૧) જાહેર માહિતી અધિકારી,સેન્ટ્રલ ઝોન ..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી હેમંત એન. દેસાઈ